dakshinayan
દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

Veer Narmad South Gujarat University, Surat

November/December 2015 For private circulation only Vol. 07 - Issue 161-162

'નૉલેજ ઈઝ અ પાવર, નૉલેજ આજના સમયે ડ્રાઈવર સીટ પર છે'

– સામ પિત્રોડા

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

૨૦મી સદી શસ્ત્રની સદી હતી. જેની પાસે જેટલાં ઘાતક શસ્ત્રો વધારે તેનું વિશ્વ પર સામ્રાજય. ૨૧ મી સદી શાસ્ત્રની સદી તરીકે પોતાની ઓળખ થાપી ચૂકી છે. જેની પાસે જ્ઞાન હશે વિચાર હશે તે દુનિયા પર રાજ કરશે. નોલેજ કમિશનના ચેરમેન સામ પિત્રોડા ગાંધીનગર આવ્યા હતા ત્યારે તેમણે તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે ''નોલેજ ઈઝ અ પાવર. નોલેજ આજના સમયે ડ્રાઈવર સીટ પર છે.''

આજે આપણે જોઈ શકીએ છીએ કે, આપણી આસપાસ ચોતરફ જ્ઞાનનું મહિમાગાન ગવાય છે. અનેક યોજનાઓને લીધે શિક્ષણ હવે સાર્વત્રિક થયું છે. પોતાના સંતાનને શિક્ષણથી વંચિત રાખવું કોઈ પણ મા-બાપને પરવડે તેમ નથી. સરકાર પણ ઈચ્છે છે કે, સમાજની - રાષ્ટ્રની ખાણમાં કાચા માલરૂપે પડી રહેલી માનવસંપત્તિને શિક્ષણ દ્વારા ઉજાગર કરી વિકાસનો રાજમાર્ગ કંડારવામાં આવે. બાલમંદિરથી લઈ વિશ્વવિદ્યાલય સુધી શિક્ષણની - જ્ઞાનની ઉપાસના કરવા કરાવવામાં આવે છે. માનવ ઘડવાનો, માણસમાં રહેલા માનવીય ગુણોને જાગૃત કરી વિકસાવવાનો એક યજ્ઞ યત્રતત્રસર્વત્ર નજરે પડે છે. પાછલા દસકામાં તો શિક્ષણક્ષેત્રે ગંજાવર પરિવર્તન જોવાયું છે. કેટલાક કહેવાતા શિક્ષણના પ્રહરીઓએ તો પોતાની આવડત અને ફાવટને આધારે શિક્ષણને એક ઉદ્યોગમાં રૂપાંતર કર્યું છે. માનવજીવનના કેન્દ્રમાં રહેલ મૂલ્યો પરથી ફૉકસ ખસી ગયું હોવાનું અનુભવાય છે. માનવીય મૂલ્યો, ગુણો ખીલવવાના, વિસ્તારવાના અને સંસ્કારવાના, માનવને માનવ કે વિશ્વમાનવ બનાવવાના શિક્ષણના અણમોલ ઉદ્દેશને દુર્ભાગ્યે ઊંચી અભરાઈ પર ચઢાવી દેવામાં આવ્યો હોવાનો અહેસાસ સૌ કોઈને થોડેવત્તે અંશે થતો રહે છે. શિક્ષણનો કૅમેરા માણસના આંતરજીવન પરથી ખસી તેના બાહ્યજીવન પર મંડાયો છે. ભૌતિકતા તરફથી આંધળી દોડ એ માટેનું એક સજ્જડ કારણ છે. કબીર સાહેબે કહ્યું હતું :

''ઈસ ઘટ અંદર બાગબગીચે
ઈસીમેં નવલખ તારા''

આ અંદર પડેલા નવલખ તારાઓને છોડી માણસ બહારની ચમકદમકવાળી ફ્લડ્ લાઈટ્સમાં અંજાયો છે. એથી શિક્ષણનો ખરો હેતું ઢંકાયો છે અથવા કહો કે, એથી માણસ બહારની ચમકદમકથી અંજાયો છે !

જે સાધ્ય હતું (જ્ઞાન) તે આજે જાણે સાધન બન્યું છે. પરિણામે બર્ટ્રાન્ડ રસેલે કહ્યું હતું તેમ ''મનુષ્યની જ્ઞાન-સમૃધ્ધિનો જથ્થો દિવસે દિવસે વધતો જાય છે અને સાથે સાથે મનુષ્યની સમસ્યાઓ પણ વધુ ને વધુ જટીલ બનતી જાય છે.''

ઓટલો અને રોટલો મેળવવામાં શિક્ષણ મદદરૂપ થાય એમાં કોઈને કશો જ વાંધો શા માટે હોય ? શા માટે હોવો જોઈએ ? માણસ પોતાના પગ પર ઊભો રહે તે ય જરૂરી તો ખરું. આ દુનિયાની વ્યવસ્થા પણ આજે તો એવી જ છે. શિક્ષણ વ્યવસાય સાથે, ડિગ્રી રોટલા સાથે અવિભાજય પણે આજે જોડાઈ ગયેલ છે. માણસના જીવનમાં આર્થિક પાસુ પ્રધાન તત્ત્વને મૂળમાંથી ઉખાડી ફેંકવાનું 'મુશ્કીલ હી નહીં, ના મુમકીન' જણાય છે. કદાચ એટલે જ સર્જક ચિંતક સુરેશ જોષીએ વિદ્યાને વિનાશના માર્ગે જતાં જોઈ. તેમણે નોંધ્યું છે :

''દરેક વિદ્યાપીઠનો કશોક આગવો વિશેષ હોવો જોઈએ; એની કશીક આગવી મુદ્રા હોવી જોઈએ. જો એવું નહીં બને તો એક સરખા માલનું ઉત્પાદન કરનારાં કારખાનાં જેવી વિદ્યાપીઠો બની રહે.''

કવિ અનિલ જોશીએ તેમની આગવી શૈલીમાં વિદ્યાપીઠ વિશે કહ્યું હતું કે 'જેના તરફથી વિદ્યાએ પીઠ ફેરવી લીધી છે તે વિદ્યાપીઠ.' ફ્રાન્સના સર્જક ચિંતક આન્દ્રે ગોર્ઝએ ઘણાં વહેલાં વિદ્યાપીઠોને તાળાં મારી દેવા જણાવ્યું હતું!

'શિક્ષણમાં ક્રાંતિ' (યજ્ઞ પ્રકાશન) નામની ફકત ૪૮ પૃષ્ઠની પણ બાજુ પર ન મૂકી શકાય તેવી એક પુસ્તિકામાં મહેન્દ્ર ભટ્ટે જે વિચારો વ્યકત કર્યા છે તે પણ અહીં મૂકવાનો લોભ જતો કરી શકતો નથી. તેઓ લખે છે :

**ફકત એક વરસ**

તમે નહીં માનો, પણ
સાચું કહું છું
એક વરસ.
ફકત એક વરસ
આ શાળા, કોલેજોને બંધ કરી દો.
વિષય શિક્ષણ બંધ થવાથી
હૃદયના ધબકારો બંધ નહીં થાય.
વર્ગ શિક્ષણ બંધ થવાથી
કોયલનું ગુંજન બંધ નહીં થાય.
તેની મસ્તીમાં ઓટ નહીં આવે.
શું પાઠય પુસ્તકો બંધ થવાથી
સૂર્ય ને અમાસના તારા
પ્રકાશ ફેલાવવાનું થંભાવી દેશે ?
શું આંખોની રોશની હણાશે ?
જીવન દીપની ચીમની

રંગાયા વિનાની રહેશે તો યે તેના
અસલ પ્રકાશતી દુનિયા તો દેખાશે.
ને આ એક વરસ દરમ્યાન
શાખ કોલેજના કમરામાં
પારેવા ઘૂઘવાટ કરશે
કરોળિયા જાળાં રચશે.
ચકલા માળા બાંધશે.
ચોક સ્ટીકની સીસકારાથી
બોર્ડના કાન નહીં ફૂટે
N.C.C. ની પરેડ તળે ચગદાતું
ઘાસ ફરી ઊગી નીકળશે.
ઘર ને શેરી ગુંજી ઉઠશે.
મા-બાપો અને પડોશીઓને છોકરાંવ
કવરાવશે તો
'ટળોને રોયાવ !' કહીને
દૂર હાંકી કાઢશે. ને
નોકર અને
ગ્રાંટ આપી આપીને કાંફેલી
સરકાર
રાહત અનુભવશે
શિક્ષકો ને પ્રાધ્યાપકો
- અર્થશાસ્ત્રી, રાજયશાસ્ત્રી, સમાજશાસ્ત્રી,
ધારાશાસ્ત્રી, માનસશાસ્ત્રી,
દાકતરો, ઈજનેરો, વૈજ્ઞાનિકો,
કવિ, મનીષી ને ક્રાંતદર્શી
બધાં જ તજજ્ઞો નીકળશે
કામધંધાની શોધમાં.
રખડશે માનવ વસાહતોમાં અને ખેતરે.
ભટકશે બજારે અને કરખાને.
નિહાળશે માનવીય વ્યવહારો અને પ્રવૃત્તિ.
શું આ રખડવું, ભટકવું, નિહાળવું
ખરી કેળવણીનું કામ નથી ?
શિક્ષણનો અસલી મસાલો અહીંથી નહીં મળે ?
તમે નહીં માનો, પણ
સાચુ કહું છું
એક વરસ, ફકત એક વરસ
આ શાળા કોલેજોને તાળાં મારીદ્યો.

- મહેન્દ્ર ભટ્ટ

યુરોપની ભાષામાં યુનિવર્સિટી જેને આપણે વિશ્વવિદ્યાલય તરીકે ઓળખીએ છીએ. આપણા ગુજરાતમાં ધીમે ધીમે માંગ અને પૂરવઠાના નિયમ પ્રમાણે એકાધિક યુનિવર્સિટીઓ સ્થાપવામાં આવી. લોકોમાં ઉચ્ચશિક્ષણની ભૂખ બળવત્તર બની. ગુજરાત યુનિવર્સિટીનો વિસ્તાર એટલો બધો વધ્યો કે એનો વહિવટ મુશ્કેલ બન્યો. દૂરદૂરના વિદ્યાર્થીઓની અનેકવિધ મુશ્કેલીઓ પણ હતી એટલે બીજી યુનિવર્સિટી જરૂરી હતી. આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાં ૧૭-૦૫-૧૯૮૬ના એક શુભ મુહૂર્તે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના પાટણ ખાતે કરવામાં આવી. પછીથી 'હેમચંદ્રાચાર્ય' જેવા વિદ્વાનના નામ સાથે એને જોડવામાં આવી અને નામાભિધાન થયું ઉદાર દિલ સખવતીઓ અને સરકારી મદદ તથા યુ.જી.સી.ની અનેકવિધ યોજના ઓને લીધે ધીમે ધીમે આર્થિક વિટંબણાઓ હલ થતી ગઈ અને શિક્ષણના પ્રહરીઓના માર્ગદર્શનને કારણે મક્કમ ગતિએ યુનિવર્સિટીની પ્રગતિ શરૂ થઈ. અન્ય પ્રદેશોની સરખામણીએ ઉત્તર ગુજરાતમાં ઉદ્યોગો ઓછાંને એથી આર્થિક સમૃધ્ધિ પણ ઓછી. આ પ્રદેશનો ગામડાંનો વિદ્યાર્થી ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવા દૂર સુધી જાય ને એનો આખો દિવસ વહી જાય. સમય અને નાણાં (જે એની પાસે જવલ્લે જ હોય)નો અપવ્યય થાય. વળી, દીકરીઓને ઘર-ગામથી લાંબા અંતરે ભણવા મોકલવાનો જીવ બહુ ઓછા વાલીઓનો ચાલે. જો કે, દીકરીઓને ન ભણાવીએ તે હવેના સમયમાં ન ચાલે તેટલી સમજણ તો તેમની પાસે હતી જ ને એટલે નજીકના ગામડાંઓને આવરી લે તે પ્રમાણેની કોલેજ તાલુકા સ્થળોએ હોય તેવો બુલંદ અવાજ લભગભગ ઉત્તર ગુજરાતના ખૂણેખૂણેથી ઊઠયો. પરિણામે આ જે આપણે જોઈ શકીએ છીએ કે, અનેક સ્થળોએ કોલેજોની સ્થાપના થઈ. આર્થિક રીતે પછાત એવા લોકોનાં સંતાનો અને દીકરીઓ ઉચ્ચશિક્ષણ સરળતાથી મેળવવા સદ્‌ભાવી બન્યાં, તેઓ પગભર બન્યાં અને તેમની વિચારસમૃધ્ધિ તથા ભાવ સમૃધ્ધિ પણ વધી. સમય સાથે તાલ મેળવતા તેઓ શીખ્યા. ઉત્તર ગુજરાતમાં યુનિવર્સિટી ન હોત આને આજે છે એટલી કોલેજો ન હોત તો આજે કેવી દશા-અવદશા હોત તે કલ્પી શકાય છે. આજે પચ્ચીસ વર્ષ યુનિવર્સિટીનો મૂળ હેતુ બર આવ્યો હોવાનો આનંદ યુનિવર્સિટીના સમગ્ર પરિવરના હૈયે હોય તે સ્વાભાવિક છે. આજે તો કેટકેટલા વિષયો વિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે. દેશ અને વિદેશની યુનિવર્સિટી સાથે આ યુનિવર્સિટીના કુલપતિ અને તેમની ટીમ જોડાણો કરે છે અને જ્ઞાનની દૂર દૂરની ક્ષિતિજોથી નવી યુવાન પેઢીને મુખોમુખ કરાવે છે. અનેક વિષયોના વિદ્વાનોનાં વ્યાખ્યાનો અહીં યોજાય છે ને એમ જ્ઞાનગંગાનો પ્રવાહ લોકો સુધી પહોંચે છે. કલા, ટેકનોલોજી, વિજ્ઞાનના ચમકારા ઉત્તર ગુજરાતની ચારેકોર ચમકે છે અને માનવીય ચેતનાને સંકોરે છે.

આપણાં જ ઉત્તર ગુજરાતમાં જન્મી-ઉછરેલા ગુજરતી ભાષાના મૂર્ધન્ય વિશ્વકક્ષાના સાહિત્યસર્જક ઉમાશંકર જોશીએ 'વાયોલિનના સૂર' નામના એક લેખમાં લખ્યું છે તે અંકે કરવા જેવું છે :

"ગુજરાતમાં બેની ત્રણ યુનિવર્સિટીઓ થઈ, કાલે પાંચ થશે. મોટા મંડાણવાળી વિદ્યાસંસ્થાઓ ધનિકો કે કર ભરનારાઓના દ્રવ્ય વગર નભી નથી શકતી એટલે ધન અને સત્તાના પરિવેશમાં, અર્થ-કારણ અને રાજકારણની ખેંચતાણો વચ્ચે, એમનું અસ્તિત્વ હોવાનું. દુનિયાની નક્કર ભૂમિકામાં મૂળિયાં નાંખીને ઊભા રહેવામાં એ હકીકત વિશ્વવિદ્યાલયોને પ્રેરક પણ નીવડે. તેમ છતાં વિશ્વવિદ્યાલયોમાં સંસાર જ મોટી વસ થઈ બેસે તો એમાં એકંદરે દુનિયાને જ નુકસાન જવાનું. ઉપરની ઉપમાનો લાભ લઈ બોલીએ તો વાયોલિન મોંઘા ઊંચા પ્રકારના છે એ તો કેમ જાણીએ તો કે' એમાંથી સૂર કેવા નીકળે છે એ ઉપરથી." આ યુનિવર્સિટીના વિશાળ પરિવાર યુનિવર્સિટીના પચ્ચીસ વર્ષ ઊજવણી નિમિત્તે વધારે કટિબધ્ધ બને અને આ પ્રદેશનું તથા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું અને શિક્ષણ જગતનું નામ ઉજળું કરે તેવી અપેક્ષા અને તેમ સૌ કરશે તેવી શ્રધ્ધા સાથે...

તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# કોલેજ ન્યૂઝ

## સ્પર્ધા



પંજાબ યુનિવર્સિટી, ચંદીગઢ મુકામે આંતર યુનિવર્સિટી તરણ (ભાઈઓ/બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ મા. કુલપતિશ્રી દક્ષેશ ઠાકરના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે.આર. મહેતાના અતિથિ વિશેષ પદે યૂનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચશ્રી રાજન સારંગએ કોચીંગ આપ્યું હતું તથા મેનેજર તરીકે પ્રા. પરિક્ષીત ઈચ્છાપોરીયા સેવા આપી રહ્યાં છે. જેમાં ભાઈઓ: ૧) શ્રી શૈખ પરવેઝ આઈ., ૨) શ્રી રુટ રાજુ કે., ૩) શ્રી કનોજીયા સંજય એચ., ૪) શ્રી સહાની યુવરાજ એસ., ૫) શ્રી પાટીલ યશ એસ., ૬) શ્રી સેલર કરણ ડી., ૭) શ્રી ઈચ્છાપોરીયા પ્રણવ જે., ૮) શ્રી પટેલ અનુપ એ., ૯) શ્રી ચૌહાણ અમીન એસ., ૧૦) શ્રી હળપતિ રાજેશ એ. બહેનો: ૧) કુ. કહાર કૃતિકા એ., ૨) કુ. રેતીવાલા બિંજલ જે., ૩) કુ. ભારતી યુતિકા કે., ૪) કુ. સેલર પ્રિયંકા ડી.

અત્રેની શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૨૮-૮-૧૫ના રોજ કવિ નર્મદ કાવ્યપઠન સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં કોમર્સના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને સ્પર્ધાને સફળ બનાવી હતી. સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા ડૉ. દક્ષા ઠાકોરે વિદ્યાર્થીઓને માગદર્શન આપ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે સરસ્વતી ઈન્ટરનેશનલ સ્કૂલ, અબ્રામાના શિક્ષિકા શ્રીમતી હેતલબેન રોહિત અને શ્રીમતી હિના દેસાઈએ સેવા આપી હતી. તેમણે નિષ્પક્ષ પરિણામ જાહેર કરતાં કુ. પીનલ ઘડેચાને પ્રથમ ક્રમે કુ. વૈષ્ણવી સોંઢા અને શ્રી સકીર ઠાકરેને દ્વિતીય ક્રમે તથા કુ. ટ્વિંકલ પટેલને તૃતીય ક્રમે જાહેર કર્યા હતા. તમામ સ્પર્ધકોને આચાર્યશ્રી પ્રિ. ડૉ. જે.એમ. નાયકે તથા તમામ સ્ટાફમિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. દક્ષા ઠાકોરે કર્યું હતું.

અત્રેની શાહ એન.એચ. કોમર્સ કોલેજનાં ગુજરાતી વિષયના અધ્યાપક પ્રા. ડૉ. મુકેશભાઈ ચૌહાણનો વિદાય સમારંભ આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના પ્રમુખપદે તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. જગદીશ ગૂર્જરના અતિથિવિશેષ પદે યોજાયો હતો. વલસાડની પ્રતિષ્ઠિત કોમર્સ કોલેજમાં બે વર્ષની વ્યાખ્યાતા તરીકેની સેવા આપ્યા બાદ અલ્પ કાર્યભારને કારણે સંખ્યાધિક બનતા સરકારશ્રીના શિક્ષણ વિભાગના આદેશ અનુસાર તા. ૧-૯-૧૫ના રોજથી સુરતની પી.ટી. મહિલા કોલેજમાં જોડાવાનું ફરમાન થતાં ૩૧ મી તારીખે પ્રા. ડૉ. મુકેશભાઈ ચૌહાણને વિદાયમાન આપવામાં આવ્યું હતું. વિદાય સમારંભની શરૂઆત કરતાં આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકે તેમની સેવાને બિરદાવીને શુભેચ્છા વ્યકત કરી હતી. ત્યાર બાદ દરેક વિભાગીય અધ્યક્ષો તથા સમારંભના અતિથિવિશેષ પ્રા. ડૉ. જગદીશભાઈ ગૂર્જરે પણ પ્રા. ડૉ. મુકેશભાઈ ચૌહાણને શુભેચ્છા પાઠવ્યા બાદ આચાર્યશ્રી તથા અતિથિવિશેષશ્રીના હસ્તે સ્મૃતિભેટ આપીને પ્રા. ડૉ. ચૌહાણનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રા. ડૉ. મુકેશ ચૌહાણે એમના સન્માનનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે મને આ કોલેજમાં આચાર્યશ્રી તરફથી જયારે જયારે જરૂર પડી ત્યારે માર્ગદર્શન મળ્યું છે. આભારવિધિ અને સમગ્ર કાર્યક્રમના સંચાલનની જવાબદારી આંકડાશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. આર.પી. પટેલે નિભાવી હતી. આ સમારંભમાં શૈક્ષણિક તેમજ વહીવટી સ્ટાફના સભ્યો ઉપરાંત વિદ્યાર્થીઓની નોંધપાત્ર હાજરી રહેવા પામી હતી.

અંધજન દિન તા. ૧૪-૯-૧૫ની ઉજવણીના પરિપ્રેક્ષ્યમાં શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના એન.એસ.એસ.ના ઉપક્રમે ચેરીટી વોલિન્ટીયર્સ નામે શ્રી કંદર્ભ ભરડવા, શ્રી જય ચૌહાણ, શ્રી અભિષેક કંસારા, શ્રી હર્ષિવ દેસાઈ, શ્રી ભૂમિન દેસાઈ, શ્રી જય દેસાઈ દ્વારા કોલેજના દરેકે દરેક વર્ગોમાં ફરીને અને વિદ્યાર્થીઓને દાનની અપીલ કરીને રૂા. ૧૧૫૦૧ (અંકે રૂપિયા અગિયાર હજાર પાંચસો એક)ની માતબર રકમ ભેગી કરી માનવતા ભર્યું કામ કર્યું છે. આ ઉમદા કાર્ય માટે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રો. વી.આર. ચાંપાનેરી ઉપરોકત વિદ્યાર્થીઓ સાથે વર્ગખંડોમાં ફરી અંધજનોને માટે દાનનો મહિમા સમજાવ્યો હતો. આ ઉમદાકાર્ય આચાર્યશ્રી પ્રિ. ડૉ. જે.એમ. નાયક સાહેબનાં માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ જ શકય બન્યાં હતાં. આ એકત્રિત રકમ નેશનલ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડ, વલસાડ જિલ્લા શાખા, નનકવાડા, વલસાડને મોકલવામાં આવશે. શ્રી નૂતન કેળવણી મંડળના ચેરમેનશ્રી કાંતિકાકાએ વિદ્યાર્થીઓના આવા સમાજોપયોગી ઉમદા કાર્ય માટે અભિનંદન પાઠવ્યા હતા.



ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત ઉધનામાં તા. ૧૧-૯-૧૫ તથા ૧૨-૯-૧૫ના રોજ આંતર વર્ગીય કબડ્ડી ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં બી.કોમ, બી.બી.એ. તથા બી.સી.એ. વિભાગોની કુલ ૯ ટીમોએ ભાગ લીધો હતો. ભારતીય ખેલ કબડ્ડીને પ્રોત્સાહન મળે એ માટે આ સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન કરવા માટે કોલેજની ખેલકૂદ ધારાએ પ્રશંસનીય પ્રયત્નો કર્યા હતા. આ સ્પર્ધામાં કોલેજની ટી.વાય.બી.કોમ.ની ટીમ વિજેતા બની હતી તથા એસ.વાય.બી.બી.એ.ની ટીમ રનર્સ અપ બની હતી. તમામ સ્પર્ધકોને તથા વિજેતા ટીમને કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈએ અભિનંદન પાઠવ્યા હતા તથા સ્પર્ધાના સફળ આયોજન માટે શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા શ્રી પરિક્ષિતભાઈ ઈચ્છાપોરીયાને બિરદાવ્યા હતા.

ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના કોલેજમાં શિક્ષક દિન નિમિત્તે દર વર્ષની જેમ સ્લોગન સ્પર્ધા રાખવામાં આવ હતી. નિર્ણાયક પ્રા. સંજય પટેલે પ્રથમ ક્રમે અગ્રવાલ નિકુ, દ્વિતીય ક્રમે પૂર્વે સનુ અને તૃતીય ક્રમે પરીક પંકજને વિજેતા ઘોષિત કર્યા હતા. તા. ૧૬-૯-૧૫ના રોજ સર્વ પ્રથમ વાર 'ડેકલેમેશન' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સ્પર્ધકે કોઈપણ ક્ષેત્રમાં કાર્યરત, અને વાક્છટા માટે જાણીતા એવા એક નેતા દ્વારા બોલાયેલું ભાષણ પુનઃ બોલવાનું હોય છે. આવી સ્પર્ધા થકી વિદ્યાર્થીને વકતૃત્વમાં નિપૂર્ણતા પ્રાપ્ત થાય છે. કોલેજનો ધ્યેય પણ હંમેશા વિદ્યાર્થીઓને વિવિધ સ્વરૂપે નિપૂણ બનાવવાનો જ રહેલ છે. સૌ પ્રથમ વાર યોજાયેલી સ્પર્ધા હોવા છતાં, વિદ્યાર્થીઓએ હાર-જીતને અનુલક્ષીને નહીં, પરંતુ કંઈક નવીન પ્રયોગ કરવામાં ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. નિર્ણાયક ગણ પ્રા. પર્લ અદી ખરાસ તથા પ્રા. સમીર પરીખે પ્રથમ ક્રમે ખંડેલવાલ અંકિતા, દ્વિતીય ક્રમે સચદેવ સ્મીત તથા તૃતીય ક્રમે સિંઘ રોશનીને જાહેર કર્યા હતા. સર્જનાત્મક અભિવ્યકિત ધારા તથા વકતૃત્વ-વાદવિવાદ સમિતીનાં નેજા હેઠળ થનાર આવા નીત-નવા છતાં સફળ કાર્યક્રમ બદલ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈએ સમિતીનાં સભ્યોનું અભિવાદન કર્યું હતું.

અભિનવ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્.માં તાલીમાર્થીઓની સુષુપ્ત શકિતઓને બહાર લાવવા માટે રાખડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમાર્થીઓએ ઉમંગભેર ભાગ લીધો હતો. તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કરવા કોલેજના ઈ.આચાર્ય દિલીપભાઈ પટેલે સહઅભ્યાસ પ્રવૃત્તિ અંગે માહિતી આપી હતી. તાલીમાર્થીઓએ વૈવિધ્યતાપૂર્ણ રાખડીઓ બનાવી બળેવના પવિત્ર પર્વને વધાવી લીધો. જેમાં પ્રથમ ક્રમે રાઠોડ સ્મૃતિ એસ., દ્વિતીય ક્રમે શુકલ પ્રિન્સી વિ. અને તૃતીય ક્રમે સરોજ રેણુ સી. વિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયકની ભૂમિકા પ્રા. ડૉ. મિનાક્ષીબેન જરીવાલા અને પ્રો. પ્રીતીબેન પટેલે ભજવી હતી. ભાગ લેનાર સર્વ તાલીમાર્થીઓને ટ્રસ્ટી શ્રીમતી નીમાબેન જોષી, આચાર્યશ્રી દિલીપભાઈ પટેલ તથા પ્રાધ્યાપકગણે અભિનંદન પાઠવ્યા હતા.

પંજાબી યુનિવર્સિટી, પટીયાલા મુકામે ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટી સાયકલીંગ (ભાઈઓ/બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ મા. કુલસચિવશ્રી જે.આર. મહેતાના પ્રમુખ પદે અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી. યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને અભિારવિધિ કરી હતી. આ ટીમને મેનેજર તરીકે પ્રો. મેહુલ ગાંધી અને પ્રો. સોનલ વસાવા સેવા આપી રહ્યાં છે. સાયકલીંગ (ભાઈઓ/બહેનો)ની આંતર યુનિવર્સિટી ટીમ : ૧) શ્રી જરીવાલા પ્રાર્થ એસ., ૨) શ્રી મિશ્રા પ્રિયાંશુ એમ., ૩) કુ. ગામીત ઉર્મીલા ડી., ૪) કુ. ગામીત અમીના ઝેડ.

શાહ એન.એચ. કોમર્સ કોલેજનો ટી.વાય. બી.કોમ.નો વિદ્યાર્થી શ્રી પિંકલ માહ્યાવંશી તા. ૩-૯-૧૫ના રોજ નવયુગ કોમર્સ કોલેજ, સુરત ખાતે યોજાયેલ ગુજરાતી ગીત સ્પર્ધામાં આશ્વાસન ઈનામ માટે જાહેર થયા છે. જરૂરી માર્ગદર્શન ડૉ. દક્ષા ઠાકોરે પૂરું પાડયું હતું. ખૂબ જ રસાકસી ભરી સ્પર્ધામાં વિજેતા જાહેર થવા બદલ કોલેજના આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકે તથા સમગ્ર સ્ટાફ પરિવારે એમને અભિનંદન અને શુભેચ્છા પાઠવ્યા હતા.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૧૮-૯-૧૫ના રોજ 'સ્વચ્છતા જાગૃતિ અભિયાન' વિષય ઉપર પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધકોને જરૂરી માર્ગદર્શન અને પ્રેરણા ડૉ. દક્ષા ઠાકોરે પૂરા પાડયા હતા. નિર્ણાયક તરીકે આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પારડીના આંકડાશાસ્ત્ર વિભાગના પૂર્વ અધ્યાપક શ્રી શંકરભાઈ પટેલે સેવા પૂરી પાડી નિષ્પક્ષ નિર્ણય જાહેર કરતાં ટી.વાય.બી.કોમ. વર્ગમાં અભ્યાસ કરતી કુ. નિધિ પ્રજાપતિને પ્રથમ ક્રમે અને કુ. પાટિલ ટિવંકલને દ્વિતીય ક્રમે તથા એફ.વાય.બી.કોમ. વર્ગમાં અભ્યાસ કરતી કુ. રોશની શર્માને તૃતીયક્રમે વિજેતા જાહેર કર્યા હતા. કોલેજના આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકે તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરોએ વિજેતા સ્પર્ધકોને અભિનંદન અને શુભેચ્છા પાઠવ્યા હતા.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૧૫-૯-૧૫ના રોજ વુમન ડેવલપમેન્ટ સેલના ઉપક્રમે 'શકિતશાળી મહિલાઓ' વિષય ઉપર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધકોને વુમન ડેવલપમેન્ટ સેલ કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરે 'શકિતશાળી મહિલાની' વિભાવના સમજાવી વિષય અનુરૂપ માર્ગદર્શન આપ્યું હતું. આ સ્પર્ધામાં એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની કુ. દીપિકા મકવાણા પ્રથમ ક્રમે, એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થી શ્રી જોતીશ ગાપીત દ્વિતીય ક્રમે તથા એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની કુ. રોશની શમા તૃતીય ક્રમે વિજેતા જાહેર થઈ હતી. કુલ સાડત્રીસ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ સ્પર્ધાને સફળ બનાવી હતી. વિજેતા તથા ભાગ લેનાર તમામ સ્પર્ધકોને કોલેજના આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકે તથા તમામ સ્ટાફમિત્રોએ અભિનંદન અને શુભેચ્છા પાઠવ્યા હતા.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૨૮-૮-૧૫ના રોજ વુમન ડેવલપમેન્ટ સેલના ઉપક્રમે "વિવિધ ક્ષેત્રોમાં સ્ત્રીઓની સિધ્ધિ" વિષય ઉપર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલ એકતાળીસ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક સ્પર્ધામાં ભાગ લઈ સ્પર્ધાને સફળ બનાવી હતી. સ્પર્ધા અંગે જરૂરી સમજૂતી અને માર્ગદર્શન વુમન ડેવલપમેન્ટ સેલ કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરે પૂરા પાડયા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે આર. જે.જે. હાઈસ્કુલ, વલસાડના શિક્ષિકા શ્રીમતી જયાબેન ઠાકોરે સેવા પૂરી પાડતા ટી.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની કુ. હિમાની ચોકસી તથા ટી.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની કુ. ઝીલ દેસાઈને પ્રથમ ક્રમે, એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની કુ. ખુશ્બુ પટેલ તથા એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની કુ. અંકિતા ઉપાધ્યાય દ્વિતીય ક્રમે તથા એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની કુ. જયોતિબેન ડાવરિયા તૃતીય ક્રમે વિજેતા જાહેર કર્યા હતા. તમામ વિજેતા તથા સ્પર્ધામાં ભાગ લનાર વિદ્યાર્થીઓને આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકે તથા તમામ સ્ટાફ મિત્રોએ અભિનંદન અને શુભેચ્છા પાઠવ્યા હતા.

ડૉ. બી.એ. યુનિવર્સિટી, ઔરંગાબાદ મુકામે આંતર યુનિવર્સિટી ચેસ(ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ મા. કુલસચિવશ્રી જે.આર. મહેતાના પ્રમુખ પદે અન બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને



અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના સ્પોર્ટ્સ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી કલ્પેશ દેસાઈ કોચીંગ આપ્યું હતું. અને મેનેજર તરીકે શ્રી સંજય ગામીત સેવા આપી રહ્યાં છે. ચેસ(ભાઈઓ)ની આંતર યુનિવર્સિટી ટીમઃ ૧) શ્રી વૈદ્ય વિશાલ યુ., ૨) શ્રી શાહ રૂષી એન., ૩) શ્રી દેસાઈ અનીકેત એ., ૪) શ્રી વર્મ પ્રસીન એમ., ૫) શ્રી દેસાઈ હિરેનસિંહ પી., ૬) શ્રી રાવલ પ્રશાંત વી.

એ.વી. પટેલ કોમર્સ કોલેજની સપ્તધારા અન્વયે "જ્ઞાનધારા" અને સ્ટુડન્ટ કાઉન્સીલની ડિબેટ કમિટીના સંયુકત ઉપક્રમે ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે વિષય કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધાના પ્રથમ રાઉન્ડમાં જુદા જુદા વિષયોનાં પ્રશ્નોની એમ.સી.કયુ. પેટર્નમાં લેખિત ટેસ્ટ લેવામાં આવી હતી. પ્રથમ રાઉન્ડમાં પ્રથમ પાંચ વિદ્યાર્થીઓએ દ્વિતીય રાઉન્ડમાં "સાંપ્રત સમયમાં ઈન્ટરનેટનો ઉપયોગ કેટલે અંશે વાજબી?" વિષય પર ચર્ચા કરી હતી. આ સ્પર્ધામાં પ્રથમ વિજેતા પટેલ નેહા એન., દ્વિતીય વિજેતા લાડ મેહુલ ડી. અને તૃતીય વિજેતા પ્રજાપતિ મમતા એમ. રહ્યાં હતા. આચાર્યશ્રી ડૉ. ભારતીબેન પંચોલીના માર્ગદર્શન હેઠળ સ્પર્ધાનું આયોજન અને સંચાલન પ્રા. વર્ષાબેન રાણાએ પ્રા. વાય. જે. દેસાઈના સહકારથી કર્યું હતું.

એ.વી. પટેલ કોમર્સ કોલેજમાં ગુજરાત રાજયની સપ્તધારા પ્રવૃત્તિ હેઠળ "સર્જનાત્મક અભિવ્યકિતધારા" હેઠળ રાખી મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ફૂલ, પાંદડી, સૂકોમવો, ઉન, રેશમના દોરા, મોતી, કાગળની પટ્ટી, આઈસ્ક્રીમની ચમચી, લર્વિંગ, સોપારી, સ્ટોન, ટીલડી વગેરેનો ઉપયોગ કરી સુંદર રાખડીઓ તૈયાર કરી ભાઈ-બહેનનાં પવિત્ર સંબંધને સુંદર સ્વરૂપ આપ્યું હતું. આ સ્પર્ધાના પ્રથમ ક્રમે મિસ્ત્રી આયુષી એસ., એફ.વાય.બી.કોમ., દ્વિતીય ક્રમે પટેલ પ્રિયંકા ડી., એસ.વાય.બી.કોમ. અને તૃતીય ક્રમે પટેલ ભૂમિકા એમ., ટી.વાય.બી.કોમ. રહ્યાં હતા. આચાર્યાશ્રી ડૉ. ભારતીબેન પંચોલીએ વિજેતા તેમજ તમામ સ્પર્ધકોને અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધાનું આયોજન અને સંચાલન પ્રા. વર્ષાબેન રાણાએ પ્રા. દિપીકાબેન લાડન સહકારથી કર્યું હતું.

એ.વી. પટેલ કોમર્સ કોલેજમાં ગુજરાત રાજયની સપ્તધારા પ્રવૃત્તિ હેઠળ "રંગકલા કૌશલ્યધારા" હેઠળ મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૨૪ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ચૌધરી લીલા બી., ટી.વાય.બી.કોમ., દ્વિતીય ક્રમે ચાંદ આમેરા જી., એસ.વાય.બી.કોમ., તૃતીય ક્રમે પટેલ મોનાલી જે. એસ.વાય.બી.કોમ. અને કોનાર પ્રિયંકા સી. એફ.વાય.બી.કોમ.(અંગ્રેજી માધ્યમ) સંયુકત વિજેતા રહ્યાં હતાં. ડૉ. ભારતીબેન પંચોલીના માર્ગદર્શન હેઠળ સ્પર્ધાનું આયોજન અને સંચાલન પ્રા. એન.બી. સોલંકીએ કર્યું હતું.

એ.વી. પટેલ કોમર્સ કોલેજમાં ગુજરાત રાજયની સપ્તધારા પ્રવૃત્તિ હેઠળ "સર્જનાત્મક અભિવ્યકિતધારા" હેઠળ "બહેનો માટે સ્વબચાવની તાલીમજરૂરી છે" વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રથમ ક્રમે પંચોલી પારસ બી., એફ.વાય.બી.કોમ.(અંગ્રેજી માધ્યમ), દ્વિતીય ક્રમે વડોદરિયા ક્રિષ્ના આર., અસ.વાય.બી.કોમ. અને તૃતીય ક્રમે ગાવિત કિશોર બી., અસ.વાય.બી.કોમ રહ્યાં હતા. આચાર્યાશ્રી ડૉ. ભારતીબેન પંચોલીએ વિજેતા તેમજ તમામ સ્પર્ધકોને અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કર્યા હતા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત આયોજિત આંતર કોલેજ સ્વીમીંગ સ્પર્ધા નારણલાલા કોલેજ, નવસારી મુકામે યોજાઈ હતી. જેમાં એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના ટી.વાય.બી.કોમ.નો વિદ્યાર્થ પટેલ મોહિત બી., ૧૦૦ મીટર બ્રેસ્ટોક ઈવેન્ટમાં પ્રથમ ક્રમ, ૫૦ મીટર બ્રેસ્ટોક ઈવેન્ટમાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કરી કોલેજનું નામ વધાર્યું છે. કોલેજના આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલી, પી.ટી. આઈ. સોલબેન વસાવા તેમજ સમગ્ર કોલેજ પરિવાર આ પ્રસંગે મોહિત પટેલને અભિનંદન સાથે વધુને વધુ પ્રગતિ માટે શુભેચ્છા પાઠવી છે.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં તાલીમાર્થીઓનો શારીરિક વિકાસ થાય તે હેતુસર કોલેજના આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આઉટડોર અને ઈન્ડોર સ્પર્ધાઓ જેવી કે કેળાકૂદ, સંગીત ખુરશી, લીંબુ ચમચી, સોયદોરો, ઝડપી ચાલ, ૧૦૦ મીટરની દોડ, ત્રિપગી દોડ, ખો-ખો, વોલીબોલ, ક્રિકેટ, રસ્સા ખેંચ વગેરે જેવી આઉટડોર તથા ચેસ, કેરમ જેવી ઈન્ડોર રમતોમાં સા તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. દરેક રમતોમાં વિજેતા રહેનાર તાલીમાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. નિર્ણાયક તરીકે સૌ અધ્યાપકોએ સેવા આપી હતી. સમગ્ર માર્ગદર્શન જીમખાના સમિતિના અધ્યક્ષ પ્રા. ધીરેનકુમાર મૈસુરીયાએ આપ્યું.





ટી.આઈ.ટી.આઈ.આર.જી.પી.વી. ભોપાલ મુકામે આંતર યુનિવર્સિટી વોલીબોલી (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ મા. કુલસચિવશ્રી જે. આર. મહેતાના પ્રમુખ પદે અને 'બોર્ડ ઓફ સ્પોર્ટસ'ના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચશ્રી મેહુલ ગાંધીએ કોચીંગ આપ્યું હતું તથા મેનેજર તરીકે પ્રા. તરૂણ ગામીત સેવા આપી રહ્યાં છે. બાસ્કેટબોલ (ભાઈઓ)ની આંતર યુનિવર્સિટી ટીમઃ ૧) શ્રી બન્કી રોમીત જે., ૨) શ્રી બુન્કી રાજ જે., ૩) શ્રી ગોહિલ હર્ષ સી., ૪) શ્રી ગામીત પીન્કલ ડી., ૫) શ્રી પટેલ દિવ્યેશ ડી., ૬) શ્રી પટેલ પાર્થ ડી.,

૭) શ્રી પટેલ દિવેશ ડી., ૮) શ્રી જૈનેસ ચંદ્રન જે., ૯) શ્રી પેટ્રો વિશાલ બી., ૧૦) શ્રી પાટીલ અજય આર., ૧૧) શ્રી બુડેલા જૈનીશ કે., ૧૨) શ્રી શૈખ મો. આઝીમ આઈ.

વીર નર્મદ દક્ષિણ ગુજરાતની બેડ્મિન્ટન(બહેનો)ની વેસ્ટઝોન આંતર યુનિવર્સિટી બેડ્મિન્ટન સ્પર્ધામાં એલ.એન.આઈ.પી. યુનિવર્સિટી, ગ્વાલીયર મુકામે ભાગ લેવા ગયેલ હતી. પ્રથમ રાઉન્ડમાં એલ.એન.આઈ.પી.ઈ., ગ્વાલીયર યુનિવર્સિટીને હરાવી બીજા રાઉન્ડમાં રાજસ્થાન યુનિવર્સિટીને હરાવી ને ત્રીજા રાઉન્ડમાં નાગપુર યુનિવર્સિટી સામે હારી આપની યુનિવર્સિટી (રનર્સઅપ) સિલ્વર મેડલ પ્રાપ્ત કરી આંતર મહાવિદ્યાલય ઈન્ટર ઝોનમાં કવોલીફાઈડ થયેલ છે. આ ટીમના કોચશ્રી કે.બી. મહેરા અને મેનેજર પ્રા. કે.એસ. ચૌહાણ સેવા આપી રહય છે. ઉપરોકત સિધ્ધિ બદલ યુનિવર્સિટીના મા.કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી જે.આર. મહેતા, બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાસંદીયા અને યુનિવર્સિટીના નિયામકશ્રી પોલ ડેવિડ તેમજ બોર્ડ ઓફ સ્પોર્ટસના સભ્યશ્રીઓએ આ સફળતા બદલ બેડ્મિન્ટન(બહેનોને અભિનંદન પાઠવ્યા છે.




યુનિવર્સિટી ઓફ રાજસ્થાન, જયપુર મુકામે આંતર યુનિવર્સિટી બાસ્કેટબોલ (બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ મા. કુલપતિશ્રી દક્ષેશ ઠાકરના પ્રમુખ પદે અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડ ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચશ્રી આર.સી. ભાલાવાલાએ કોચીંગ આપ્યું હતુ તથા મેનેજર તરીકે પ્રા. પટેલ ઉવર્શી ટી. સેવા આપી રહ્યાં છે. બાસ્કેટબોલ (બહેનો)ની આંતર યુનિવર્સિટી ટીમઃ ૧) કુ. યાદવ સ્વીટી એ., ૨) કુ. નંદવાણી અનુષ્કા બી., ૩) કુ. પટેલ નિસી સી., ૪) કુ. ત્રિવેદી હિતાક્ષી વી., ૫) કુ. પટેલ પ્રિયંકા ડી., ૬) કુ. પ્રજાપતી રોશની એમ., ૭) કુ. કચ્છી વૈભવી આ., ૮) કુ. ઘથુરા પરમીટકોર બી., ૯) કુ. પ્રતીક્ષા પ્રકાશ, ૧૦) કુ. કંસારા કેશા આર., ૧૧) કુ. બજાજ પ્રિયંકા બી., ૧૨) કુ. શાહ રીમા એન.



એસ.આર.ટી.એમ. નાંદેડ મુકામે આંતર યુનિવર્સિટી કબડ્ડી (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ મા. કુલપતિશ્રી દક્ષેશ ઠાકરના પ્રમુખ પદે અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચશ્રી મદનસિંહ ઠાકોરે કોચીંગ આપ્યું હતુ તથા મેનેજર તરીકે પ્રા. કેતન નિઝામા સેવા આપી રહ્યાં છે. કબડ્ડી (ભાઈઓ)ની આંતર યુનિવર્સિટી ટીમઃ ૧) શ્રી વડીયા મુશા એ., ૨) શ્રી વસાવા ગણેશ આર., ૩) શ્રી રાજ સોહેલ બી., ૪) શ્રી સાવલીયા ચિરંતન આર., ૫) શ્રી આમોદવાલા સલમાન એમ., ૬) શ્રી ગામીત વિપેશ એસ., ૭) શ્રી પરમાર મનોજ બી., ૮) શ્રી માલી દિધાર્યુ એમ., ૯) શ્રી વરીયા અલ્પેશ એ., ૧૦) શ્રી લહેર ગૌતમ એન. ૧૧) શ્રી પઠાણ સલ્માન આઈ., ૧૨) શ્રી હંસભાઈ મોહમદ એસ.




મેંગ્લોર યુનિવર્સિટી, મેંગ્લોર મુકામે આંતર યુનિવર્સિટી ક્રોસ કન્ટ્રી રેસ (ભાઈઓ/બહેનો) ટુર્નામેન્ટમાં ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ મા. કુલપતિશ્રી દક્ષેશ ઠાકરના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે.આર. મહેતા અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના અતિથિ વિશેષ યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચશ્રી યુસફ ગામીતે કોચીંગ આપ્યું હતુ તથા મેનેજર તરીકે પ્રો. ગણેશ ટંડેલ અને પ્રો. આર. ઉસ્માની સેવા આપી રહ્યાં છે. ક્રોસ કન્ટ્રી રેસ (ભાઈઓ/બહેનો)ની આંતર યુનિવર્સિટી ટીમઃ (ભાઈઓ) ૧) શ્રી ધાટકા વિષ્ણુ કે., ૨) શ્રી ચૌધરી અક્ષય એસ., ૩) શ્રી ભિલાના નોકતા ટી., ૪) શ્રી ગામીત ફ્રાન્સીસ એમ., ૫) શ્રી ગાવિત પરેશ ડી., ૬) શ્રી ભોયા ધર્મેશ આર., ૭) શ્રી ભોગ્યા નિલેષ કે., ૮) શ્રી ગામીત રાહુલ ડી., ૯) શ્રી ગાવિત મુરલી ટી. (બહેનો) ૧) કુ. જાદવ ચેન્દ્રી આર., ૨) કુ. ગામીત ઉર્મિલા ડી., ૩) કુ. ગામીત કૈલાશ એન., ૪) કુ. ચૌધરી રક્ષા એચ., ૫) કુ. ગામી રવીના ડી., ૬) કુ. ગામીત જીગીતા આર.

એલ.એન.આઈ.પી.ઈ. યુનિવર્સિટી, ગ્વાલીયર મુકામે આંતર યુનિવર્સિટી બેડમિન્ટન (ભાઈઓ/બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ મા. કુલપતિશ્રી દક્ષેશ ઠાકરના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે.આર. મહેતા અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના અતિથિ વિશેષ યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું

નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચશ્રી કે.બી. મેહરાએ કોચીંગ આપ્યું હતુ તથા મેનેજર તરીકે પ્રો. કે.એસ. ચૌહાણ સેવા આપી રહ્યાં છે. બેડમિન્ટન (ભાઈઓ/બહેનો)ની આંતર યુનિવર્સિટી ટીમઃ (ભાઈઓ) ૧) શ્રી બારયિા લક્ષ્ય એફ., ૨) શ્રી રુટ નયન ડી., ૩) શ્રી પરદેશ વિજય એસ., ૪) શ્રી રાઠોડ વીરભદ્રસિંહ એચ., ૫) શ્રી રાથી હાર્ષિત એન., ૬) શ્રી પડીયા સાગર જે. (બહેનો) ૧) કુ. રાવત અંજલી એચ., ૨) કુ. ક્રિરીસીયન સેનન પી., ૩) કુ. ટંડેલ રીની ડી., ૪) કુ. રચ્ચોલા નિકિતા સી., ૫) કુ. રીબાડીયા મયુરી કે.




અખીલ ભારતીય ઈન્ટર યુનિવર્સિટી ક્રોસ કન્ટ્રી રેસ ટુર્નામેન્ટ મેંગ્લોર યુનિવર્સિટી, મેંગ્લોર ખાતે યોઈ હતી. આ સ્પર્ધામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ટીમે ભાગ લીધો હતો. તેમાં ખેલાડી શ્રી ગવિત મુરલી તુલ્સ્યાભાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાંસદાના વિદ્યાર્થીશ્રીએ ક્રોસ કન્ટ્રી ૧૨.૫ કિલોમીટરની દોડ સ્પર્ધામાં ૩૯.૧૮ મિનિટમાં દોડીને બીજો ક્રમ પ્રાપ્ત કરીને સિલ્વર મેટલ મેળવી સમગ્ર દેશમાં આપણી યુનિવર્સિટીનું નામ સુવર્ણ અક્ષરે લખ્યું છે. ઉપરોકત સિધ્ધિ બદલ યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી જે.આર. મહેતા, બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાસંદીયા અને યુનિવર્સિટીના નિયામકશ્રી પોલ ડેવિડ તેમજ બોર્ડ ઓજી સ્પોર્ટસના સભ્યશ્રીઓએ ખેલાડી ગાવિત મુરલી ટી. ને આ સિધ્ધી બદલ અભિનંદન પાઠવ્યા હતા.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ ચેસ ટુર્નામેન્ટ એસ.ડી. જૈન ઈન્ટરનેશનલ કોલેજ ઉપર યોજાયેલ હતી. જેમાં સમગ્ર દક્ષિણ ગુજરાતની ૫૩ કોલેજોએ ભાગ લીધેલ હતો. ઉધના કોલેજ ૨૦ પોઈન્ટ સાથે ટુર્નામેન્ટમાં રનર્સ અપ રહી હતી. કોલેજની આ સિધ્ધી બદલ કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ તથા શા.શિ. ના અધ્યાપક પ્રા. પરિક્ષીત ઈચ્છાપોરીયાએ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.



તાજેતરમાં ગવર્મેન્ટ આર્ટસ કોલેજ, દમણ દ્વારા આંતર કોલેજ બોક્ષિંગ ટુર્નામેન્ટમનું આયોજન થયેલ હતું. જેમાં એસ.વાય.બી.કોમ.નો વિદ્યાર્થી ગૌરવ મીના ૬૧ વેઈટ કેટેગરીમાં ચેમ્પિયન બન્યો છે. જેઓ ઓકટોબર માસમાં યોજાનારી ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ટુર્નામેન્ટમાં યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે. તથા એસ.વાય.બી.બી.એ.ની વિદ્યાર્થિની કુ. પ્રિતલ પટેલે ૪૫ વેઈટ કેટેગરીમાં સિલ્વર મેડલ હાંસલ કર્યો હતો. તથા એસ.વાય.બી.બી.એ.ના જ વિદ્યાર્થી શુભમ સોરનાયક એ ૬૦ કિ.ગ્રા.માં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ હતો. પ્રસ્તુત તસ્વીરમાં બેઠેલા ડાબેથી શા.શિ.ના અધ્યાપક શ્રી પરિક્ષીત ઈચ્છાપોરીયા તથા કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈ દ્રશ્યમાન છે. ડાબેથી ઉભેલા ખેલાડી કુ. પ્રિતલ પટેલ, ગૌરવ મીના તથા શુભસ સોરનાયક દ્રશ્યમાન છે.

સુરત શહેરની અગ્રણી કોલેજ, સર. કે.પી. કોલેજ ઓફ કોમર્સમાં, ઈન્ટર કોલેજ શીઘ્ર ચિત્રકલા સ્પર્ધા તથા ઈન્ટર ફાઈન આર્ટસ કોલેજ શીઘ્ર કલા સ્પર્ધા તા. ૧૫-૯-૧૫ના રોજ યોજવામાં આવી હતી. કોલેજના ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી ડૉ. પી.પી. જરીવાલા તથા ઉપાચાર્ય શ્રી યુ.એમ. પટેલના શુભહસ્તે દીપપ્રાગટય કરીને સ્પર્ધાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ઓપનીંગ સેરેમનીની શરૂઆત કુ. શાહિનની મધુર પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આચાર્યા શ્રીમતી ડૉ. પૂર્ણિમાબેન જરીવાલાએ સૌ સ્પર્ધકોને આવગર આપીને સૌને શુભકામના પાઠવી હતી. તેમજ ઉપાચાર્ય શ્રી યુ.એમ. પટેલ સાહેબે સૌ સ્પર્ધકોને એમની આગવી શૈલીમાં આવકાર આપીને શુભેચ્છાઓ પાઠવી હતી. આ સ્પર્ધામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની વિવિધ કોલેજોના ૨૨૦ કલાપ્રેમી જેટલા સ્પર્ધકોએ ભાગ લઈ વિવિધ વિષયો પર અદભૂત ચિત્રકલાનું દર્શન કરાવ્યું હતું. આ ચિત્રકલાના નિર્ણાયકો આર્ટીસ્ટ શ્રીમતી દર્શનાબેન તેમજ સુરતના અગ્રણી આર્ટિસ્ટ પ્રા. શ્રી ગજેન્દ્રભાઈ મજિઠીયા એ ઉમદા સેવા આપી હતી. સ્પર્ધાના અંતે વિજેતાઓને ઈન્ચાર્જ આચાર્ય શ્રીમતી ડૉ. પૂર્ણિમાબેન જરીવાલા, ઉપાચાર્ય શ્રી યુ.એમ. પટેલ સાહેબ તથા મહેમાનોના શુભહસ્તે ઈનામો ટ્રોફી તથા સર્ટિફિકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના વિજેતાઓ નીચે પ્રમાણે છે. ઈન્ટર કોલેજ શીઘ્ર ચિત્રકલા સ્પર્ધાઃ પ્રથમ-શ્રી હળપતિ જય વી. (એસ.પી.બી. ઈંગ્લીશ મિડીયમ, સુરત), દ્વિતીય-કુ. દાસ પ્રિયા બી. (એસ.ડી. જૈન ઈન્ટર નેશનલ કોલેજ), તૃતીય-કુ. સૈયદ કાઝીમા આર. (શ્રી ભગવાન મહાવીર કોલેજ, સુરત), આશ્વાસન ઈનામ-કુ. પટેલ હની કે. (સર કે.પી. કોમર્સ કોલેજ, સુરત), આશ્વાસન ઈનામ-શ્રી પટેલ તપન વી. (એસ.એસ. અગ્રવાલ કોલેજ). સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતના વિજેતાઓઃ પ્રથમ-કુ. હની પટેલ, દ્વિતીય-કુ. હીના વી. ચૌધરી, કી. નિધી કે. ગામીત, તૃતીય-શ્રી રાઠોડ યોગેશ, આશ્વાસન ઈનામ-કુ. કંથારીયા કામિની, કુ. વર્મા નેહા સી., કુ. રાણા દ્રષ્ટિકા પી.

## કાર્યક્રમ




ક શ્રી દક્ષિણ ગુજરાત શિક્ષણ સમાજ કુંભારીયા સંચાલિત સાબરગામ કોલેજ કેમ્પસમાં આચાર્યશ્રી ડૉ. બી.કે. ભટ્ટના નેતૃત્વમાં ભારતની ખ્યાતનામ ફીફ્થ નોટ ફાઉન્ડેશન જે કે સંગીતના પ્રચાર-પ્રસાર માટે અથાગ પ્રયત્નશીલ છે તેના મેનેજીંગ ડાયરેકટર મિસિસ દિવ્યા કાલરા તથા મિ. અમિત કાલરાના સહયોગથી નેધરલેડનની આમ્સ્ટરડમ ગીટાર એકેડેમીના ઈન્ટરનેશનલ ગીટારીસ્ટ મિ. લાર્સ ડી. રીજેક દ્વારા કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે ગીટારના વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. જેમાં કોલેજના મોટા ભાગના વિદ્યાર્થીઓએ ગીટાર વાદનની તાલીમ લેવા ઉત્સાહ બતાવ્યો હતો તથા વર્કશોપમાં વિદ્યાર્થીઓએ મિ.લાર્સ દ્વારા ગીટારની તાલીમ લીધેલ તથા સમગ્ર વર્ષ દરમ્યાન સાબરગામ કોલેજમાં વિદ્યાર્થીઓને ગીટાર વાદનની તાલીમ માટેના વર્ગો શરૂ કરવાનું આયોજન પણ કરવામાં આવેલ. આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત ગીટારીસ્ટ મિ. લાર્સનો લાઈવ કોન્સર્ટનો કાર્યક્રમ પણ યોજવામાં આવેલો જેમાં મિ.લાર્સના ગીટારના સૂરો ઉપર સમગ્ર સાબરગામ કેમ્પસના વિદ્યાર્થીઓ ઝૂમી ઉઠયાં હતાં તથા મેનેજીંગ કમિટીના સભ્યો, અધ્યાપકશ્રીઓ તથા તમામ વિદ્યાર્થીઓએ મિ.લાર્સના લાઈવ કોન્સર્ટનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સંસ્થાના ચેરમેનશ્રી બળદેવસિંહજી સી. મહીડા, માનદ્‌મંત્રીશ્રી ઈશ્વરલાલ જી. પટેલના માર્ગદર્શન હેઠળ અને કોલેજના પ્રિન્સીપાલ ડૉ. બી.કે. ભટ્ટના નેજા હેઠળ તથા પ્રાધ્યાપક સોનલ પી. મહીડાની કો-ઓર્ડીનેટરશીપમાં તમામ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ સક્રિય હતો.

ક વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજમાં તા. ૧૬-૦૯-૧૫ના રોજ ઓઝોનદિનની ઉજવણી કરવામાં આવી હતી. પ્રસ્તુત કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ ઓઝોનનો ઈતિહાસ, ઓઝોન કવચ, ઓઝોનની રૂપરેખા, ગુણધર્મો તથા ઓઝોન લેયરમાં ગાબડા પડવાના કારણો અને તેના ઉપાયો વિશેની જાણકારી આપતું નાટક, વકતવ્ય, પી.પી.ટી. અને વિડિયો પણ બતાવવામાં આવ્યો હતો. ઓઝોન વિષયક વિડિયોગીત પણ રજૂ કરવામાં આવ્યું હતું. તેમજ ચાર્ટ્સ પણ બતાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના તમામ તાલીમાર્થીઓએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન ઈ.આચાર્ય ડૉ. અરવિંદભાઈ ટાંકે અને સંચાલન પટેલ યાચનાએ કર્યું હતું. કોલેજમાં તા. ૧૪-૯-૧૫ના રોજ હિન્દીદિનની ઉજવણી કરવામાં આવી હતી. પ્રસ્તુત કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ નાટક, કબીર અને રહીમના દોહા, હિન્દીભાષાને રાષ્ટ્રભાષા તરીકેનો દરજજો કયારે મળ્યો ? અને વિશ્વમાં હિન્દીભાષાની સ્થિતિ વિશેનું વકતવ્ય, પી.પી.ટી., રાષ્ટ્રભાષા હિન્દી વિષયક ગાન જેવી અલગ અલગ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. તેમજ હિન્દીભાષાના લેખકો અને કવિઓના જીવન-કવન વિષયક ચાર્ટ્સ પણ બનાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના તમામ તાલીમાર્થીઓએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દવે પ્રકૃતિએ કર્યું હતું અને આયોજન પ્રા. શીતલબેન ધુલ્રિયાએ કર્યું હતું.

ક વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી વિભાગ દ્વારા આ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. જગદીશ ગૂર્જર સાહેબે દીપાલી પટેલ (કોઓર્ડિનેટર, ગુજરાત એજયુકેશન ટ્રસ્ટ)નું સ્વાગત કર્યું . ડૉ. જશુ પટેલે દીપાલી પટેલનો પરિચય આપ્યો અને કાર્યક્રમની ભૂમિકા સમજાવી હતી. દીપાલી પટેલે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કર્યું હતું એમણે જણાવ્યું કે, "બીજા દેશોની સરખામણીએ ભારતમાં કૌશલ્યપ્રધાન લોકોની સંખ્યા માત્ર ૨% જેટલી જ છે. જીવનમાં સફળતા મેળવવા ચાર પાયા ખૂબ જ મહત્વના છે. ૧) આઈ.ટી.નું જ્ઞાન, ૨) સોફ્ટ સ્કીલ, ૩) સ્પોકન ઈંગ્લીશ,. ૪) આંતરિક કૌશલ્ય.
દીપાલી પટેલે આ સાથે જ્ઞાન-વિજ્ઞાન સ્કોલરશીપ વિશે સુંદર માહિતી આપી હતી. વિદ્યાર્થીઓ આ સ્કોલરશીપ કઈ રીતે મેળવી શકે ? એની વિસ્તૃત ચર્ચા એમણે કરી હતી. દીપાલીબહેન સાથ એમના સાથી કિંજલબહેન પણ ઉપસ્થિત રહ્યાં હતા. ગુજરાતી વિભાગમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રશ્નોત્તરી પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ યોજવા માટે દીપાલીબહેને આભાર વ્યકત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. જશુ પટેલે કર્યું હતું.

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. Naresh Shukla,** Department of Gujarati
**Published by : Dr. J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com